**<u>મે.અમદાવાદ ખાતેનાં મજૂર અદાલતનાં પ્રિસાઈડીંગ ઓફીસરશ્રી ( જ્યુડીશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ ) ની કોર્ટમાં, મુ.અમદાવાદ.</u>**

**<u>ફોજદારી કેસ નં.૭૨૭ /૨૦૨૧.</u>**

**આંકઃ–**

**ફરિયાદીઃ–** **કામદાર રાજ્ય વીમા નિગમ**
અમદાવાદ મારફતેઃ– શ્રી દિનેશ એ. સોલંકી
સોશીયલ સિક્યુરીટી ઓફીસર/બ્રાન્ચ મેનેજર.

**વિરુદ્ધ**

**આરોપીઃ–(૧)** **શ્રી શૈલેષ ભૂપતભાઈ વડોદરીયા (ડાયરેકટર)**
૩, અંજની એવન્યુ,સમભાવ હાઉસ કમ્પાઉન્ડ,
જજીઝ બંગ્લોઝ પાસે, બોડકદેવ,
અમદાવાદ–૩૮૦૦૧૫.

**(૨)** **શ્રી પ્રશાંત હિંમતભાઈ સરખેડી– ( ડાયરેક્ટ)**
સી–૧૦૫, સુવિધિ સોસાયટી,
મધુરમ કોમ્પલેક્ષ પાછળ,જ્ઞાનદા સોસાયટી પાસે,
વેજલપુર, અમદાવાદ–૩૮૦૦૫૫.

**(૩)** **મેસર્સ વેદ ટેકનોસર્વ ઈન્ડિયા પ્રા.લી.**
પ્રથમ માળ, સમભાવ હાઉસ, ચીફ જસ્ટીસ બંગ્લોઝ પાસે,
બોડકદેવ, અમદાવાદ–૩૮૦૦૧૫.

**ગુન્હોઃ–<u>ઈ.એસ.આઈ. એકટ–૧૯૪૮ ની કલમ–૮૫(જી) મુજબ.</u>**

---

ફરિયાદી તરફેઃ–
આરોપી તરફે.. ઓથોરીટી પરસન સાથે હાજર

---

**<u>––:: હ રા વ ::–</u>**

(૧) <u>નામ.ગુજરાત હાઈકોર્ટનાં નોટીફીકેશન નં.એ.૩૬૦૮/૨૦૧૫, તા.૨૩/૦૬/૨૦૧૭ અન્વયે ફોજદારી કેસો ચલાવવાની સત્તા સિવિલ જજ તથા જ્યુ.મેજી.ફ.ક. ને મળતા સદરહુ ફોજદારી કેસ અત્રેની મજૂર અદાલતમાં દાખલ થતા, સદરહુ ફોજદારી કેસને ફોજદારી કેસ નં.૭૨૭/૨૦૨૧ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે.</u>

(૧) ઉપરોક્ત કેસની ફરિયાદ સોશીયલ **સિક્યુરીટી ઓફીસર** ધ્વારા મજુર અદાલત અમદાવાદ મુકામે દાખલ કરવા ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૧૯૦(૧)(એ) મુજબ ફરિયાદીએ રજુ કરતા કોર્ટ દ્વારા ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૦૦(એ) વંચાણે લઈને ફોજદારી કાર્યરીતિ અધિનિયમી કલમ–૨૦૪ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુન્હાનું સંજ્ઞાન લઈને આરોપીને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો.

સદરહુ ફરિયાદની હકીકત જોવામાં આવે તો, આરોપીઓએ ઈ.એસ.આઈ.એક્ટ ૧૯૪૮ ની કલમ–૮૫(જી) હેઠળ શિક્ષાપાત્ર ગુનાની ફરિયાદ કરેલ છે.

(૩) હાલની ફરિયાદ અત્રેની અદાલતમાં ટ્રાન્સફર થઈ આવ્યા બાદ, અત્રેની અદાલત દ્વારા આ કામનાં આરોપી સંસ્થા તથા તેનાં જવાબદાર વ્યક્તિઓને સમન્સ કરતા, આરોપી સંસ્થા વતી તેમનાં ઓથોરાઈઝ્ડ પર્સન **સુ.શ્રી ચૈતાલી મરચન્ટ** જાતે અત્રેની અદાલત સમક્ષ હાજર થયેલ છે અને તેઓનો ઓથોરીટી લેટર રજુ કરેલ છે, ત્યારબાદ તેઓને વિના મુલ્યે કેસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ, ત્યારબાદ તેઓની પ્લી લેવામાં આવેલ, જેમાં તેઓ ગુનો કબુલ કરે છે અને કબુલાત પુરસીસ પણ રજુ રાખેલ છે અને તેઓનો/સંસ્થાનો પ્રથમ ગુનો હોય દરગુજર કરવા તેમજ ભવિષ્યમાં આવો ગુનો ફરીથી નહીં કરે તેવી ખાત્રી આપેલ છે અને આ તેનો પ્રથમ ગુનો હોય રહેમ રાખી ઓછામાં ઓછી શિક્ષા કરવા અરજ કરેલ છે.

(૪) હાલનાં કામે તહોમતદારોનાં ઓથોરાઈઝ્ડ પરસન **સુ.શ્રી ચૈતાલી મરચન્ટ** એ ગુનાની કબુલાત પુરસીસ રજુ કરતા આરોપીને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી અને તેઓ ગુન્હો કબુલ કરશે તો આવી કબુલાત તેઓ વિરુદ્ધ પુરાવા તરીકે ઉપયોગમાં લેવાશે, આમ છતાં તેઓ તમો તહોમતદાર વતી હાલનો ગુનો કબુલ કરતા હોવાનું જણાવે છે, ત્યારબાદ તમામ તહોમદારો વતી તેમનાં ઓથોરાઈઝ્ડ પરસન **સુ.શ્રી ચૈતાલી મરચન્ટ** ની પ્લી રેકર્ડ કરવામાં આવતા તેમાં પણ તેઓ આ કામે તહોમતદાર કંપનીનાં ઓથોરાઈઝ્ડ પરસન તરીકે હાલનો ગુન્હો કબુલ હોવાનુ જણાવેલ છે. આમ, આ કામે તહોમતદાર કંપની તેમનાં ઓથોરાઈઝ્ડ પરસન વતી સ્વૈચ્છિક રીતે પોતાનો ગુન્હો કબુલ કરતા હોવાનું જણાય છે.

(૫) ઉપરોક્ત રજુઆત તથા કેસની હકીકત તથા કાયદામાં કરવામાં આવેલ સજાની જોગવાઈ ધ્યાનમાં લેતા, આરોપીઓએ ઈ.એસ.આઈ.એક્ટ ૧૯૪૮ અન્વયેનાં એમ્પ્લોઈ સ્ટેટ ઈન્સ્યુરન્સ (જનરલ) રેગ્યુલેશન ૧૯૫૦ નાં રેગ્યુલેશન ૧૨ નો ભંગ કરેલ છે. આમ, ઈ.એસ.આઈ.એક્ટની કલમ–૮૫(જી) મુજબનો ગુન્હો કરેલ છે. આ કામે તહોમતદારો તે કંપનીનાં જવાબદાર અધિકારીઓ હોય, તેમજ તેઓ સ્વેચ્છાપુર્વક રાજી ખુશીથી હાલનો ગુનો તેમનાં ઓથોરાઈઝ્ડ પરસન મારફતે કબુલ રાખતા હોય, હાલનાં તહોમતદારોને શિક્ષાત્મક સજા કરવાને બદલે દંડાત્મક શિક્ષા કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેવુ અત્રેની કોર્ટનું માનવુ છે. સવિશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરુદ્ધ નટવર હરચંદજી ઠાકોર રીપોર્ટેડ ઈન ૨૦૦૫(૧) જી.એલ.આર. પાનું–૭૦૯ નાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતને લક્ષમાં લેતાં, હાલનાં આરોપી વિરુદ્ધ ગુનો સાબિત થયેલ છે તેમજ તેઓની રજુઆતને ધ્યાનમાં લઈ નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**--:: હુ ક મ ::--**

૧) સદર કામે આરોપીઓ/સંસ્થાને ક્રિ.પ્રો.કો.કલમ-૨૫૨ અન્વયે **ઈ.એસ.આઈ. એક્ટ ૧૯૪૮ ની કલમ-૮૫(જી)** નાં ભંગ બદલ દોષિત ઠરાવવામાં આવે છે. અને તેઓને પ્રત્યેક ભંગ બદલ આરોપીને રૂા.૪,૦૦૦/-x ૧ નિયમ x ૩ આરોપી એટલે કે, **રૂા.૧૨,૦૦૦/- ( અંકે રૂપિયા બાર હજાર પુરા )** નો દંડ,અને જો દંડ ન ભરે તો દિન-૩૦ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૨) આરોપી દંડની રકમ ભરવાનો કસૂર કરે તો તેઓએ એક માસની સાદી કેસની સજા ભોગવવાની રહેશે.

૩) આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

હુકમ આજરોજની નેશનલ લોકઅદાલત દરમ્યાન યોજવામાં આવેલ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧/૧૨/૨૦૨૧.
સ્થળ-અમદાવાદ.

( દિપક હસમુખભાઈ ખંભાતી)
એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
ન્યાયાધીશ ( સિનિયર ડિવિઝન) કોર્ટ,
લેબર કોર્ટ ,અમદાવાદ.
code : GJ00866